આકાશવાણી ભુજ

સમાચાર વાચક: જાગૃતી વકીલ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારીખ:-૦૯-૧૦-૨૦૨૩ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## CM-નગર પાલિકા ગ્રાંન્ટ

રાજ્ય સરકાર 157 નગરપાલિકાઓને માર્ગોને થયેલા નુકસાનની મરંમતના કામો માટે 100 કરોડ રૂપિયા ફાળવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ચોમાસામાં વરસાદને કારણે નગરોમાં માર્ગોને થયેલા નુકસાનની મરામત માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત આ રકમ ફાળવવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

---

## આઈ ખેડુત પોર્ટલ

આજથી ખેડૂતો માટે આઇ ખેડૂત પોર્ટલ ખુલ્લુ કરવામાં આવશે. રાજ્યના ખેડૂતો ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ કરી શકે તે માટે સોલાર પાવર યુનિટ, કીટની ખરીદીમાં નાણાકીય સહાય મેળવવા માટે ખેડૂતો આજથી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે..

આ માટે ખેડૂતોએ વહેલા તે પહેલાના ધોરણે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે તથા જરૂરી આધાર પુરાવાઓ સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને રજૂ કરવાના રહેશે તેવુ એક યાદીમાં જણાવાયુ છે.

**(RNU અમદાવાદ)**

---

RNU BHUJ

## વિશ્વ ટપાલ દિવસ

9 ઓક્ટોબર વિશ્વ ટપાલ દિવસ નિમિતે રાજ્યભરમાં આજથી 13 ઓક્ટોબર સુધી રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણી કરાશે. ટપાલ વિભાગ દ્વારા લોકોને પોસ્ટલ વિભાગની વિવિધ યોજના અને તેના લાભો વિશે માહિતગાર કરાશે તો આ સપ્તાહ દરમ્યાન  વિશ્વ ટપાલ દિવસ, સેવિંગ દિવસ,ફિલા ટેલિક દિવસ અને વેપાર વાણિજ્ય દિવસ જેવા વિવિધ દિવસોની  વિશિષ્ટ ઉજવણી કરાશે. અંતરિયાળ ગામોમાં આધાર કાર્ડ અપડેટ કરાવવા તેમજ નવા આધારકાર્ડ મેળવવા માટે કેમ્પ યોજવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

---

## વન્ય પાણી સપ્તાહ-ભુજ સેન્ટર

રાજ્યમાં 2 થી 8 ઓક્ટોબર દરમ્યાન યોજાયેલ વન્યપ્રાણી સપ્તાહ અને નશાબંધી સપ્તાહનું સમાપન થયુ છે. સમગ્ર રાજ્ય સાથે કચ્છમાં ભુજ ખાતે આવેલ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રમાં વિવિધ કાર્યક્રમો અને પ્રવૃતિઓ દ્વારા આખુ સપ્તાહ  ઉજવણી કરવામાં આવી હતી. ગઈકાલે સવારે ભુજિયા ખાતેના સ્મૃતિ વનમાં નેચર વોક દ્વારા મિયાવાંકી વનની મુલાકાત દરમ્યાન વનસ્પતિ, પ્રાણીઓ અને પક્ષીઓની જાણકારી આપવામાં આવી હતી. વહેલી સવારે કુદરના સાનિધ્યમાં લોકોએ જ્ઞાન સાથે મજા માણી હતી.

જાગૃતી વકીલ

---

## સ્પેસ ડે-ભુજ સેન્ટર

ઈન્ડિયન એરફોર્સ દિવસ ની ઉજવણીના ભાગરૂપે કચ્છના વિધાર્થીઓ અને લોકોમાં સ્પેશ ટેકનોલોજી,સંશોધન અને તેની તકનિકી બાબતો વિશે જાગૃત થાય

RNU BHUJ

તે હેતુથી ભુજના રિજનલ સાયન્સ સેન્ટર ખાતે ગઈકાલે ઈસરોના વૈજ્ઞાનિકો સાથે “સ્પેશ ફોર હ્યુમન કાઈન્ડ” વિષય પર ઈન્ટરક્ટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતું. વૈજ્ઞાનિક સતીષકુમાર ત્રિપાઠી અને રોહિતકુમાર નાગોરીએ જુદા જુદા ક્ષેત્રોમાં કૃત્રિમ ઉપગ્રહો કેવી રીતે મદદરૂપ છે. એના વિશે દષ્ટ્રાંત સાથે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં 60 થી વધુ વિધાર્થીઓ જોડાયા હતા. તેવી સેન્ટરના ડાયરેક્ટરશ્રી ડો રાજેન્દ્ર પટેલે માહિતી આપી હતી.

**RNU અમદાવાદ**

---

## ક્રિકેટ

વન ડે વર્લ્ડકપ 2023માં ટીમ ઈન્ડીયાએ પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયાને 6 વિકેટે હરાવી વિજયી શરૂઆત કરી છે.ગઈકાલે ચેન્નઈના એમ.એ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની મેચમાં ઓસ્ટ્રેલિયાના 199 રનના જવાબમાં ભારતે 4 વિકેટ ગુમાવી 201 રન કરી વિજય મેળવ્યો હતો. ભારતની ટીમે 32 રનમાં બે વિકેટ ગુમાવી કંગાળ શરૂઆત કરી હતી. પરંતુ વિરાટ કોહલી અને કે એલ રાહુલે બાજી સંભાળી ભારત માટે જીત આસાન બનાવી હતી. કોહલીએ 85રન કર્યા હતા કે.એલ રાહુલે 97 એ હાર્દિક પંડ્યા 11 રન કરી અણનમ રહ્યા હતા.

**સી.એફ પદ્દણી**

---

## સ્વયંસિધ્ધા સેમીનાર-ભુજ

દેશની સમૃદ્ધિ અને વિકાસ તથા માતૃભૂમિની રક્ષા માતૃશક્તિ જ કરી શકે... તેવો મત સામાજિક કાર્યકર્તા અને હિન્દુવાદી વક્તા કાજલબેન હિન્દુસ્થાનીએ રવિવારે સનાતન હિન્દુ સમાજ અને હિન્દુ મહિલા જાગરણ મંચ દ્વારા આયોજિત

RNBHUJ

સરદાર પટેલ વિદ્યા સંકુલ, કચ્છી લેવા પટેલ સમાજના કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલા સ્વયંસિધ્ધા સ્ત્રીસશક્તિકરણ સેમિનારમાં વ્યક્ત કર્યો હતો. કાજલબેને હિન્દુત્વની પરિભાષા દર્શાવતી પંક્તિઓ રજૂ કરીને જાતિવાદ નહીં, પણ હિન્દુત્વ જ શ્રેષ્ઠ છે તેમ કહ્યું હતું ભુજ તેમજ આસપાસની મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલી મહિલાઓને સંબોધીને જણાવ્યું હતું કે, આજના યુગમાં મહિલા સમાજ ખૂબ જાગૃત થાય તે આવશ્યક બની ગયું છે. તેમણે મહિલાઓને પરિવારને હુંફ આપવાની શીખ આપી હતી.

જાગૃતી વકીલ

-----------------------------------------------------------------------------

RNU BHUJ